તેમનો ખોરાક લેશે શરૂઆતના સમયમાં બચ્ચાઓ માટે લાઈટની વ્યવસ્થા કરો. જેથી તેમના ખોરાક અને પાણી શોધી લઈ શકે. શરૂઆતના અઠવાડિયામાં પીંજરામાં પેપર પાથરી પેપર ઉપર ખોરાક નાખવો હિતાવહ છે.

**મરઘાઘરની વ્યવસ્થા :-**

પક્ષીઓને ધાતુ કે ઈંટનું બનાવેલુ પુરતી હવા-ઉજાસવાળુ રહેઠાણ આપવું જરૂરી છે. મરઘા ઘરની અંદર પુખ્ત ઉંમરના પક્ષીદીઠ ૦.૯૩ થી ૧.૬ ચો.મી. ભોયતળીયાની જગ્યાની જરૂર પડે છે. પક્ષીઓના રહેઠાણની સાફ સફાઈ કરવી તથા સમયાંતરે ચુનાથી ધોળવું જોઈએ. પક્ષીઓને રહેઠાણમાં પથારી આપવી જોઈએ. દર મહિને બાહ્ય પરોપજીવીઓથી રક્ષણ આપવા જંતુનાશક દવનો છંટકાવ પણ કરવો જોઈએ.

**ઈંડા મુકવા માટેના માળાની વ્યવસ્થા :-**

મરઘીઓ ૨૦ અઠવાડિયા ઉંમરની થાય ત્યારે તેમના માટે ઈંડા મુકવાના માળા તૈયાર હોવા જરૂરી છે. ઈંડા મુકવાના માળા લાકડાના ખોખા, લોખંડના ડબ્બા બનાવી શકાય છે. માળામાં લીટર સુકું અને પ્રમાણસરનું રહે તે ધ્યાન રાખી માળા જમીનની ઉંચે શાંત વાતાવરણમાં અને અંધારુ રહે તેવી જગ્યાએ મુકવા જોઈએ.

**મરઘીને કડક (બુડી) થતી અટાકાવવી :-**

મરઘીને કડક થતી રોકવા માટે રોજે રોજ ઈંડાનું એકત્રીકરણ કરવું જોઈએ. જેથી મરઘીને કડક થતી અટકાવી શકાય અને ઈંડાનું ઉત્પાદન વધારી શકાય.

**પક્ષીઓનો રોગો સામે બચાવ :-**

સામાન્ય રીતે ઘર આંગણે ઉછેર પધ્ધતિ દ્વારા રખાતા પક્ષીઓની સ્વાસ્થ્ય બાબતે સજાગ હોતા નથી પાણી પહેલા પાળ બાંધો ઉક્તિ અનુસાર પક્ષીઓને રોગો આવતા અટકાવવા જરૂરી રસીકરણ અને તેમાં ખાસ કરીને રાની ખેત રોગ સામે રસીકરણ કરવું જોઈએ. પક્ષીઓમાં કૃમિથી થતા રોગોથી રક્ષણ આપવા સમયાંતરે (મહિનામાં એક વાર) કૃમિનાશક દવા આપવી જોઈએ. એક દિવસના અને ૨૮ દિવસના બચ્ચામાં રાનીખેત રોગ સામેની રસી મુકાવવી જોઈએ.

**ખોરાક વ્યવસ્થા :-**

પક્ષીઓને સવાર સાંજ શક્તિવાળા ખોરાકના ઘટકો જેવા કે મકાઈ, જુવાર કે બાજરી ભરડીને આપવા જોઈએ. દિવસમાં ૪૦ થી ૫૦ ગ્રામ આવા દાણ આપવા જોઈએ. ઉનાળામાં પ્રોટીનની જરૂરિયાત પુરી પાડવા માટે સોયામીલ કે મગફળી ખોળને ભરડીને આપવા જોઈએ. આમ તો પક્ષીઓ દિવસભર પ્રોટીન (જીવજંતુ, અળસીયા, કોસેટો) મિનરલ ક્ષારો (રેતી, માટી, છીપલા) અને વીટામીન્સ (લીલા પાન છોડ) માંથી મેળવે છે અને સવાર સાંજ એનર્જી આપતા અનાજના દાણા આપવાથી તેમની રોજની પોષક તત્વોની જરૂરિયાત પુરી થતી રહેશે અને ઈંડા ઉત્પાદનને જાળવી રાખવામાં મદદ મળશે.

**પાણીની યોગ્ય વ્યવસ્થા :-**

મરઘીઓને ચોવીસે કલાક તાજુ અને સ્વચ્છ પાણી મળી રહે તેવી વ્યવસ્થા કરવી. પાણીના વાસણો રોજે રોજ સાફ કરી સ્વચ્છ તાજુ અને ઠંડુ પાણી આપવું. જુની માટલીનો ઉપરનો ભાગ તોડી થોડા થોડા અંતરે પાણી ભરવાથી મરઘીઓને ઠંડુ પાણી મળી રહેસે. રાત્રીના સમય મરઘા ઘરમાં પણ પાણીની વ્યવસ્થા કરવી જોઈએ.


**બિન ઉત્પાદક મરઘીઓની છટણી કરવી :-**

બિન ઉત્પાદક અને ખરબચડી કલગી ધરાવતી સુસ્ત મરઘીઓનો નિકાલ કરવો જોઈએ. અતિશય ઓછું વજન ધરાવતી કે પીળાશ પડતી આંખોની પાંપણો ધરાવતા મરઘીઓનો પણ નિકાલ કરવો જોઈએ.

કડક થયેલી મરઘીને જો તમારે ઈંડા સેવડાવવાના હોય તો તેને અલગ પાંજરામાં પુરો અને ખોરાક-પાણીની વ્યવસ્થા કરો. થોડા દિવસોમાં ફરીથી ઈંડા આપવાનું શરૂ કરશે.

મરઘા પાલન ઘેર બેઠા ખેતી સાથે કે સ્વતંત્ર રીતે કરી શકાય છે અને ઓછી માનવ શક્તિ, ઓછો સમય, ઓછી મહેનત દ્વારા વધુ આવક મેળવી શકાય છે. વધારે જીવન કે વધારે પાણીની જરૂર પડતી નથી. ગ્રામ્ય વિસ્તારોમાં આ વ્યવસાય સ્વરોજગારી કે પુરક રોજીના સાધન તરીકે અપનાવી શકાય છે.

# બકરા અને મરઘાપાલન એક સફળ વ્યવસાય




: લેખક :

જે. પી. મીના
બી. એલ. ઘાયલ

: પ્રકાશક :

વરીષ્ઠ વૈજ્ઞાનિક-વ-વડા
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
મંગલભારતી
મુ. પો. ગોલાગામડી,
તા. સંખેડા, જીલ્લો -છોટાઉદેપુર
(ગુજરાત) ૩૯૧૧૨૫
ફોન. ૦૨૬૫-૨૪૩૨૪૦


બકરા પાલન અત્યાર સુધીની પરિસ્થિતિ પ્રમાણે જોવામાંઆવે તો બકરાં પાલનમાં માલધારી, રબારી અને ભરવાડ જ્ઞાતિના લોકોનો ફાળો ખૂબ જ મહત્વનો છે. પરંતુ આજના યુગમાં કોઈપણ વ્યવસાય ઉપર કોઈપણનું આધિપત્ય નથી. વધુમાં જોવામાં આવે તો બકરાપાલન વ્યવસાય આજ સુધી જે જ્ઞાતિના લોકો કરતાં તે તેમના બાપદાદાના વ્યવસાય તરીકે અને તેમાં કંઈ ખાસ બદલાવ વગર કરતા આવ્યા છે.

બકરાપાલનમાં ભારતનું સ્થાન ૧૨૦ મીલીયન બકરાની સંખ્યા સાથે પ્રથમ સ્થાને છે. વિશ્વની ૬૮ બકરીની ઓલાદોમાંની ૨૦ ઓલાદો ભારતમાં છે. જે ગર્વની બાબત છે.

બકરાંપાલન વ્યવસાયના સાનુકૂળ પરિબળોમાંઉંચી પ્રજનન ક્ષમતા, રોગ પ્રતિકારક શકિત તેમજ વિશાળ શ્રેણીના ખોરાકનો સમાવેશ કરી શકાય. આવા આગવા લક્ષણોને લીધે બકરાંપાલન નાના તેમજ સિમાંત ખેડૂતો, જમીન વિહોણા ખેત મજૂરો તેમજ વિચરતી જાતિઓ માટે ખૂબ જ સાનુકૂળ વ્યવસાય બની શકે છે.

**બકરાં પાલન કરવાથી વિવિધ રીતે આવક મેળવી શકાય છે :**

બકરાં પાલન ધ્વારા તેના દૂધ, વાળ, માંસ, છાણ તેમજ બચ્ચા અને પુખ્ત વયના બકરાં વેચાણથી આવક મેળવી શકાય છે.

**બકરાંનું દૂધ વેચાણ :**

બકરાંના દૂધની અંદરના ચરબીના કણો નાના માપના હોવાથી બાળકને તે પચવામાં સરળ રહે છે. તેથી જ આજના વાહન યુગમાં જયારે માતાઓ પાસે સમયનો અભાવ જોવા મળે ત્યારે માતાના દૂધના વિકલ્પ તરીકે બકરીનું દૂધ શ્રેષ્ઠ છે.વધુમાં બકરીના દૂધનો ઉપયોગ સૌંદર્ય પ્રસાધન બનાવતી કંપનીઓ વિવિધ પ્રકારની ક્રીમ, પાવડર બનાવવામાં પણ તેનો ઉપયોગ કરવામાંઆવે છે.

**બકરાંના રેશમી વાળનો ઉપયોગ :**

વિવિધ પ્રકારના મોજા, ગંજી, ટોપી, મફલર, પડદા, કવર, ધાબડા બનાવવા માટે કાશ્મીરી જાતની બકરીના વાળનો ઉપયોગ ખૂબ જ બહોળા પ્રમાણમાં કરવામાં આવે છે.

**માંસ માટે કરવામાંઆવતો ઉપયોગ :**

બકરાઓનો માંસ માટે પણ મોટા પાયે ઉપયોગ થાય છે. ઘણા દેશોમાં બકરાંનું માંસ ખોરાકી ખાદ્ય ઘટાડવામાંમહત્વનો ભાગ ભજવે છે. ભારતમાં માંસના થતા કુલ ઉત્પાદનના ૧૦ ટકા જેટલો હિસ્સો બકરાંના માંસનો રહેલો છે. બકરાંનું સારામાં સારું માંસ ૬-૧૨ મહિનાની ઉંમરે મેળવી શકાય છે. તેમના માંસની ડ્રેસીગ ટકાવારી ૪૩-૫૩ ટકા રહેલી છે.

2015-2016

**બકરાંના છાણનો ઉપયોગ :**

બકરાંઓના આપણા પૂર્વજો ધ્વારા "સોનાના પગના જાનવર" તરીકે ઓળખવામાં આવતા તેનું મુખ્ય કારણ છે બકરાની લીંડી સ્વરૂપે મળતું છાણ બીજા કોઈ પણ જાનવરના છાણ કરતા સારી ગુણવતાવાળા છાણ તરીકે ઓળખી શકાય અને આ છાણનો ખેતીમાં ઉપયોગ કરવામાં આવે તો જમીનની ગુણવતા સુધારી મબલખ પાક ઉત્પાદન મેળવી શકાય.

**બકરાંના બચ્ચા(લવારા)ના વેચાણથી થતી આવક :**

બકરાનાં બચ્ચાના વેચાણથી પણ આવક મેળવી શકાય છે. કારણ કે તે ભવિષ્યની બકરી અથવા તો બકરો બનવાનો છે. તેમાંથી પણ આવક મેળવી શકાય છે.

**બકરાંનો વિવિધ શારીરિક સ્ટેજમાંઆપવામાંઆવતો ખોરાક :**

બકરાંના ખોરાકનો આધાર તેના શરીરના વજન, દૂધ ઉત્પાદન, ફેટની ટકાવારી, ગાભણકાળ, હવામાન, ખોરાકની કિંમત ઉપર આધાર રાખે છે.

પુખ્ત વયના બકરાને તેના શરીરના વજનના ૨.૫ થી ૩ ટકા સૂકા ચારાની જરૂર પડી શકે છે. આ જરૂરિયાતને બકરી જો દૂધ આપતી હોય તો તેને ૮ ટકા સુધી વધારી શકાય છે. આ સાથે તેને ૧૦૦ કિલો વજન દીઠ સરેરાશ ૫૦ ગ્રામ જેટલા પ્રોટીનની જરૂર પડે છે.

એક અંદાજ પ્રમાણે જો બકરી ૪૦ કિલો વજનની હોય તો તેનો દરરોજ ૪ કિલો લીલો ઘાસચારો અને ૪૦૦ ગ્રામ દાણ મિશ્રણની જરૂર પડે છે. લીલા ચારામાં રજકો, બરસીમ, ચોળી જેવા કઠોળ વર્ગનો ચારો અને મકાઈ, ઓટ, જુવાર જેવો ધાન્ય વર્ગનો ચારો સાથે સાથે જંગલી ઘાસ પણ આપી શકાય. દૂધાળ બકરીને તેના નિભાવ માટે ૪૦૦ ગ્રામ વધારાનું દાણ આપવું જરૂરી છે.

**સંવર્ધન :**

બકરીના સંવર્ધનમાંએક ખાસ બાબત ધ્યાનમાં રાખવા જેવી છે કે બકરીઓનું વિયાણ ઓકટોબર–નવેમ્બર માસમાં થાય તે પ્રમાણેનું આયોજન કરવું. કારણ કે આ સમયે પુષ્કળ પ્રમાણમાં ઘાસચારો મળી રહે તો બચ્ચાઓનું મરણ પ્રમાણ કંઈક અંશે ઘટાડી શકાય છે. સામાન્ય રીતે બકરી ૧૦–૧૨ મહિનાની ઉંમરે ગરમીમાં આવે છે અને ૧૭–૧૮ મહિનાની ઉંમરે પ્રથમ વિયાણ થાય છે. બકરીનો જીવનકાળ સરેરાશ ૧૨ વર્ષનો ગણવામાં આવે છે. તેમાં ૫–૭ વર્ષ તેની ઉત્પાદન ક્ષમતા વધારે હોય છે. આમ તો બકરીનો ગર્ભકાળ ૧૪૭–૧૫૪ દિવસનો હોય છે. તે રીતે બકરીનું વર્ષમાંબે વાર વિયાણ થવું જોઈએ પરંતુ તે ફકત બ્લેક બંગાલ નામની ઓલાદમાં જ શકય જોવા મળે છે. બાકી બધી જાતની ઓલાદમાં ૨ વર્ષમાં૩ વાર વિયાણ થતુંજોવા મળે છે. આમ, સામાન્ય પરિસ્થિતિ બકરીનું ૧૦ વાર વિયાણ થાય છે. વધુમાં બકરી દર ૨૧ દિવસે ગરમીમાં આવે છે અને ૧ થી ૧/૨ દિવસ ગરમીમાં રહે છે. બકરીને બીજા દિવસે ફેળવવાથી તેમાં ગાભણ થવાની શકયતા વધારે રહેલી છે.

**બકરીના ગરમીના લક્ષણો :–**

- ગરમીમાં આવેલ બકરીનું હલન ચલન વધી જવું, તેની પૂંછડી હલાવ્યા કરે અને ખાવાનું ઓછું કરી દે છે.
- દૂધ ઉત્પાદનમાં અચાનક જ ઘટાડો આવે છે.
- મૂત્રાશયનો ભાગ સહેજ ફૂલીને લાલ થઈ જવો.
- બીજા સાથીદાર બકરા ઉપર કૂદે છે.



**રહેઠાણની વ્યવસ્થા :–**

આપણે બકરીઓને ઝાડ નીચે, કાંટાળા ઝાંખરાની વાડ બનાવી રાખવામાં હોય છે. આનાથી ઠંડી, ગરમી અને વરસાદથી બકરાંનું યોગ્ય રક્ષણ થતું નથી. પરિણામે રોગોનો ભોગ બને છે. બકરા માટેના શેડની રચનામાં લાકડાના ટેકા, વાંસ, નળીયાં જેવી સસ્તી સામગ્રીનો ઉપયોગ કરવાથી પડતર કિંમત નીચે લાવી શકાય છે. આવા રહેઠાણમાં પ્રત્યેક બકરીને ૧ થી ૧.૫ ચોરસ મીટર જગ્યા મળી રહે તે જરૂરી છે. દાણના નિરાણ માટે બન્ને બાજુથી સીલ કરેલ અર્ધગોળાકાર સિમેન્ટની પાઈપનો ઉપયોગ કરી શકાય છે. જે ટેકાઓ ઉપર જમીનથી ૧.૫ ઉંચાઈએ ગોઠવવી જોઈએ. પાણી માટે ગોળાકાર કુંડી કે કાપેલા ટીનના પીપળા બનાવી પાણીની વ્યવસ્થા થઈ શકે છે. ભેજવાળા વાતાવરણમાં બકરાંનું છાપરું યોગ્ય નિતરાણવાળી ઉંચાઈવાળી જગ્યાએ બનાવવું જોઈએ.

**કેટલાંક અન્ય ધ્યાનમાં રાખવા જેટલા અન્ય મુદ્દાઓ :–**

બકરામાં ખસી કરવી : બકરામાં ૨–૪ અઠવાડિયાની ઉંમરે ખસી કરવામાં આવે છે.



ખસી કરવાના ફાયદા :

તેનું વજન ઝડપથી વધે છે.

તેની ચામડીની ગુણવતા સુધરે છે.

**શીંગડા કાઢવા :**

સામાન્ય રીતે વિયાણ થયાના એક અઠવાડિયામાંબચ્ચાના શિંગડા કાઢી નાખવામાંઆવે છે.

**ખરીની કાળજી :**

જયારે બકરાને શેડમાં ઉછેરવામાં આવે છે. ત્યારે તેની ખરી મોટી થઈ જવાના પ્રમાણ વધી જાય છે. જો આમ થાય તો તેમાં ખરી વધવાને લીધે સારી રીતે ઉભા રહી શકતા નથી અને લાંબા સમયે તેમને સાંધાની બિમારી પણ જોવા મળે છે.

## મરઘા પાલન

આદિજાતિના લોકો પરાપૂર્વથી રૂઢિગત રીતે બકરા અને મરઘાપાલન કરે છે અને તેઓ જો વૈજ્ઞાનિક ઢબે બકરા અને મરઘા પાલન અપનાવે તો તેમના ઘર આંગણે સારી જાતના બકરા અને મરઘા રાખી તેમના દ્વારા સારી આવક મેળવી, સામાજીક અને આર્થિક વિકાસ કરી શકે છે.

**મરઘાપાલન માટે દેશી સુધારેલી મરઘાની જાતો**

દેશી મરઘીઓ ખૂબ જ ઓછા ઈંડા આપે છે. પરંતુ તેમનામાં ઈંડા સેવવા અને બચ્ચા ઉછેરવા માટેના ગુણો સારા હોય છે. સુધારેલી દ્વિ અર્થી પક્ષીઓની જાતો કે જે સારી જાતનું માંસ અને વધુ ઈંડાના ઉત્પાદન માટે જાણીતી છે.

(૧) નિરભીક -- ઈંડા ઉત્પાદન, ૧૫૮ પુખ્ત નરનું વજન :- ૧૯૨૫ ગ્રામ

(૨) પ્રતાપધન :- ઈંડા ઉત્પાદન, ૧૬૪ પુખ્ત નરનું વજન :- ૨૪૯૧ ગ્રામ

(૩) કડકનાથ :- ઈંડા ઉત્પાદન :-૧૬૫ પુખ્ત નરનું વજન :- ૧૬૫૦ ગ્રામ

(૪) થ્રી વે ક્રોસ :-



**ઈંડા સેવન અને બચ્ચા ઉછેર :–**

કડક(બુડી) મરઘી દ્વારા સેવન :- એક બુડી મરઘી ૮ થી ૧૦ ઈંડાને એક સાથે સેવી શકે છે. જો ૭૦% ઈંડાની સેવન ક્ષમતા ગણીએ તો એક ૬ થી ૭ બચ્ચાઓ આપે છે. નાના બચ્ચાઓનો મૃત્યુદર વધુ હોવાથી વિશેષ માવજત જરૂરી છે.

**બચ્ચા ઉછેર :–**

૨૧ દિવસ પછી બચ્ચુ ઈંડામાંથી બહાર આવે છે. ખુબ જ ઠંડી દરમ્યાન બચ્ચાઓને કૃત્રિમ રીતે ગરમી આપવાની જરૂર પડે છે અને આવા સાધનને બુડર કહેવાય છે. ગરમી મેળવવા માટે વીજળીના બલ્બ સરળ અને સસ્તુ બુરડ બનાવી શકાય છે.

તાજા જન્મેલા બચ્ચા અને મરઘીને અમુક અઠવાડિયા સુધી અલગ પાંજરૂ કે ઘરની વ્યવસ્થા કરવી જોઈઆએ. સૌપ્રથમ તાજા જન્મેલા બચ્ચાને તાજુ અને ચોખ્ખુ પાણી મળે તેવા વ્યવસ્થા કરવી. એક દિવસ પછી બચ્ચાઓ